GJSK030018622022

**રે.દી.મુ. નં.૪૧ / ૨૨**

**આંક–૧ નીચે હુકમ**

(૧) સદર દાવાનુ સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં આ કામે વાદીએ પ્રતિવાદી સામે ડેકલેરેશન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા નો દાવો કરેલ છે. દાવાના કામે પ્રતિવાદીઓને નોટીસ કરતા તેઓ હાજર રહી દાવામાં લેખીત જવાબ રજુ કરેલ અને પ્રતિવાદી નં.૦૨ તર્ફે કાઉન્ટર દાવો/પ્રતિદાવો કરવામાં આવેલ છે. બંને પક્ષકારોને મનાઇ હુકમ મેળવવાની અરજીની સુનવણી બાદ આંક–૩૧ થી વાદીનો દાવો તથા પ્રતિવાદીના કાઉન્ટર દાવાના કામે તારીખ–૦૮–૧૧–૨૦૨૩ ના રોજ આંક–૩૧ થી મુદ્દા ફ્રેમ કરવામાં આવ્યા ત્યાર બાદ થી દાવા નુ કામ વાદી પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ. દાવાનુ રેકર્ડ ધ્યાને લેતા તારીખ–૧૮–૧૨–૨૦૨૩ ના રોજ વાદી તર્ફે વિ.વકીલશ્રી દ્વારા ઇસ્યુ સીન કરવામાં આવેલ છે. ત્યારબાદ ની મુદતે વાદી પક્ષે મુદત અરજી રજુ કરવામાં આવેલ જે મંજુર કરવામાં આવેલ ત્યારબાદ વાદી જાતે કે વકીલશ્રી મારફતે હાજર ન રહેતા હોય તારીખ–૦૧–૦૪–૨૦૨૪ ના રોજ વાદીને હાજર રહેવા નોટીસ કરતા પછીની મુદતે વાદી તથા વકીલશ્રી હાજર રહેલ તેમજ વાદી પક્ષે કોર્ટ કમીશનરની અરજી અન્વયે વાદી હાજર રહેતા હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ ની મુદતે વાદી જાતે કે વકીલ શ્રી મારફતે હાજર રહેલ નથી.

(૨) આજરોજ પોકાર કરતા વાદી હાજર છે. વાદી ને પુરાવો રજુ કરવા જણાવેલ હોવા છતા તેમજ વાદી તથા વકીલશ્રી ને પોકાર કરવા છતા હાજર રહેલ નથી કે તે સબબ કોઇ

રીપોર્ટ / રજુઆત કરેલ નથી. વધુમાં સી.પીસી.ઓર્ડર–૧૬ ની જોગવાઇ અનુસાર વાદી પક્ષે મુદ્દા ફ્રેમ થયા બાદ સાહેદી લીસ્ટ / પુરાવા આજદીન સુધી રજુ કરેલ નથી.

(૩) દાવાનુ રેકર્ડ ધ્યાને લેતા મુદ્દા ફ્રેમ થયા બાદ વાદી પક્ષે સાહેદી લીસ્ટ તથા પુરાવા સાથે કોઇપણ પુરાવો રજુ કરેલ નથી. વાદી દ્રારા બાનાખત કેન્સલેશન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા દાવો કરેલ હોવા છતા આજદીન સુધી મુદ્દા ફ્રેમ થયા બાદ કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેમજ આજરોજ પણ વાદી પક્ષે કોઇ પુરાવો રજુ કરેલ નથી કે તે સબબ કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી. દાવાનુ સમગ્ર રેકર્ડ વંચાણે લેતા વાદી પક્ષનો પોતાના દાવાની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ રસ નહી હોવાનુ જણાતુ હોય વાદીની દાવા અરજી અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) વાદીનો હાલનો દાવો વાદીની ગેરહાજરીમાં તેમજ પુરાવો રજુ નહી કરતા ડીસમીસ ફોર ડીફોલ્ટ યાને કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદી નો કાઉન્ટર દાવો ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૭/૨૦૨૪
સ્થળ : પ્રાંતીજ.

(દીપ્તી મૌલીક પંડ્યા)
એડી. સીવીલ જજ
જી.જે.૦૧૨૯૦